GUJARAT INDUSTRIAL DEVELOPMENT CORPORATION

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ
(ગુજરાત સરકાર સ્થાપિત ઉપક્રમ)
બ્લોક ૩,૪,૫ ઉદ્યોગ ભવન,
સેક્ટર ૧૧, ગાંધીનગર ૩૮૨૦૧૧
dym-est@gidcgujarat.org, https://gidc.gujarat.gov.in

आज़ादी का अमृत महोत्सव

## માનદ્ તબીબી સલાહકારની નિમણૂંક કરવા બાબત

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC)માં માનદ્ તબીબી સલાહકારની નિમણૂંક કરવા સબબ અરજીઓ મંગાવવામાં આવે છે.

ગાંધીનગર સ્થિત તેમજ ગાંધીનગર ખાતે ફરજ બજાવતા રસ ધરાવતા ડોકટરો (M.D/M.S.) તેમના અનુભવની વિગતો, અપેક્ષિત પગાર, સંપર્ક વિગતો તેમજ અન્ય વિગતો સાથે સીલબંધ કવરમાં મેનેજર (મહેકમ), જીઆઇડીસી, ગાંધીનગરને ઉપરના સરનામે મોકલવાની રહેશે.

નિગમમાં ફરજ બજાવતા કર્મચારીઓ / અધિકારીશ્રીઓ દ્વારા અલગ અલગ ડોક્ટરશ્રીઓ પાસે કરાવેલ તબીબી સારવાર અંગે રજુ કરવામાં આવતા મેડીકલ બિલોની પરત ચૂકવણી માટે તેમજ અમુક સંજોગોમાં તબીબી સારવાર અંગે થનાર અંદાજિત ખર્ચની રકમ એડવાન્સ રકમની માંગણી થયેથી નિગમના તબીબી સારવારના નિયમો / શરતો મુજબ બિલ મંજુર કરવા તેમજ બીજા રાજ્યમાં તબીબી સારવાર લેવા માટેની પૂર્વ મંજુરી માટેની અરજીઓ ચકાસણીની કામગીરી કરવાની રહેશે.

ઉક્ત નિમણૂંક સંપૂર્ણપણે કરાર આધારિત છે. નક્કી કરેલ પગાર સિવાય અન્ય કોઈ લાભો માટે પસંદગી પામનાર ઉમેદવાર હક્કદાર રહેશે નહીં.

દરખાસ્તો ૧૮.૦૮.૨૦૨૨ સુધીમાં બપોરના 3.00 વાગ્યા સુધી આ કચેરીએ પહોંચાડવાની રહેશે. સમયમર્યાદા પછી પ્રાપ્ત થયેલ દરખાસ્તો / સીલબંધ કવર વધુ ચકાસણી માટે ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

તા: ૧૮.૦૭.૨૦૨૨
સ્થળ: ગાંધીનગર

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક
જી.આઈ.ડી.સી, ગાંધીનગર